EMPLOYMENT ONTARIO
Ontario's employment & training network

Ontario

**નાણાંકીય સહાય (Financial Supports)**

**<u>ઉપકરણો માટે લોનઃ</u>**

ઉપકરણો માટે લોન કાર્યક્રમમાં નવા શિખાઉ ઉમેદવારોને પોતાના ધંધામાં કામ કરવા માટે ઉપકરણ ખરીદવા લોન આપવામાં આવે છે.

આ કાર્યક્રમ સમજે છે કે દરેક ક્ષેત્ર અને ધંધા સાથે ઉપકરણ અને સામાનની ખરીદની કીંમત જુદી હોય છે.

નીચે મુજબ અધિકતમ લોન ઉપલબ્ધ છેઃ
સેવા ક્ષેત્ર- $300
નિર્માણ ક્ષેત્ર- $400
ઔદ્યોગિક/ઉત્પાદન ક્ષેત્ર- $400
મોટિવ પાવર ક્ષેત્ર- $800

શિખાઉ ઉમેદવારની તાલીમની અવધિ અને તાલીમની સમાપ્તિના એક વર્ષ સુધી લોન પર કોઈ પણ વ્યાજ લેવામાં આવશે નહી. એક વર્ષ પછી વ્યાજ પ્રાઈમ દરથી 1.5 ટકા ઉપર લેવામાં આવશે. જો શિખાઉ ઉમેદવાર પ્રોગ્રામ છોડે છે અથવા જો શિખાઉ ઉમેદવારનું રજિસ્ટ્રેશન રદ કરવામાં આવશે, તો લોન ઓન્ટારીઓ સરકારને 60 દિવસમાં ચુકવવું પડશે. 60 દિવસ પછી પ્રાઈમ દરથી 1.5 ટકા ઉપર વ્યાજ આપવું પડશે.

**કોણ ભાગ લઈ શકે છે?**

ઉપકરણો માટે લોન નવા રજિસ્ટર થયા શિખાઉ ઉમેદવારોને માટે ઉપલબ્ધ છે.

**હું ઉપકરણો માટે લોન કાર્યક્રમનો ફાયદો કઈ રીતે લઈ શકીશ?**

લોન માટે અરજી આપવા, નવા શિખાઉ ઉમેદવારોને મોકલાતા માહિતી પેકેજમાં આપેલ લોન સમજૂતીને પૂરી રીતે ભરવું જોઈએ, અને પછી તેને સાથે આપેલ પરબીડિયામાં પ્રશીક્ષણ મંત્રાલય, કોલેજો અને યૂનિવર્સિટિઓને મોકલવું જોઈએ.

મંત્રાલય સહી કરેલ લોન સમજૂતીને પ્રાપ્ત કરવાના 60 દિવસમાં તમને જવાબ આપશે.

***વધારે માહિતી માટેઃ***

1-800-387-5656
(416) 326-5656 (ટોરોન્ટો)

www.ontario.ca/employmentontario

ISBN 1-4249-2445-6